ગુજરાત જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ અંતર્ગત જુવેનાઇલ જસ્ટિસ ફંડના સંચાલન માટે સંચાલન સમિતિની રચના કરવા બાબત.

.................................................

**ગુજરાત સરકાર,**
**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૯/૨૬૫૮૫૧/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૦/૦૮/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ જજઅ/ ૧૦૨૦૧૯/૨૬૫૮૫૧/છ, તા.૧૨/૦૯/૨૦૧૯.
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પરીપત્ર ક્રમાંકઃ સસુખા/સીપીડી /જે.જે. ફંડ કમિટી/૨૦૨૦-૨૧/૧૭૨૫, તા.30/0૭/૨૦૨૦.
(3) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ICPS/GSCPS/2018-19/JCL/140/૨૧૪૧, તા.૧૭/૦૭/૨૦૨૦.
(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અનથ/ ૧૦૨૦૦૮/ન.બા.૧૦/છ, તા.૨૯/૧૦/૨૦૦૯.

પ્રસ્તાવના:

ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ની કલમ-૧૦૫માં આ અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ બાળકોના કલ્યાણ અને પુનઃ સ્થાપન સંબંધિત કાર્યો માટે જુવેનાઇલ જસ્ટિસ ફંડ (બાળ ન્યાય ભંડોળ)ની રચના કરવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ (૪)ના ઠરાવથી બાળકો માટે રાજ્ય બાળ ફંડની રચના કરવા વર્ષ ૨૦૦૯-૧૦ના

અંદાજપત્રમાં રાજ્ય બાળ ફંડ માટે રૂ.૨૫.૦૦ લાખનો ખર્ચ કરવા તથા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧)ના ઠરાવથી સદર રાજ્ય બાળ ફંડમાં વધુ રૂ.૨૫૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ હેઠળ રાજ્ય માટે બનાવવામાં આવેલ ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ તા.૦૩/૧૨/૨૦૧૯થી રાજ્યમાં અમલી છે. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી દ્વારા નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત ગુજરાત જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૯૨(૭) પ્રમાણે વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) મુજબની દરખાસ્ત કરતાં જુવેનાઇલ જસ્ટિસ ફંડના સંચાલન માટે સંચાલન બોર્ડ (સમિતિ)ની રચના કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:

પુખ્ત વિચારણાને અંતે ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૯૨(૭)ની જોગવાઇ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨ અને ૩) ની દરખાસ્ત મુજબ જુવેનાઇલ જસ્ટિસ ફંડની ઉપલબ્ધિની મર્યાદામાં તેના અસરકારક અને હેતુપૂર્ણ વહીવટ માટે અને ભંડોળના ઉપયોગની પ્રાથમિકતા નક્કી કરવા માટે તથા વૈકલ્પિક હેતુઓ માટે નીચે મુજબની સંચાલન સમિતિની આથી રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| (૧) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| (૨) | સંયુક્ત/નાયબ સચિવશ્રી, સમાજ સુરક્ષા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| (૩) | નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર. | સભ્ય સચિવશ્રી |

| | | |
|---|---|---|
| (૪) | સરકારી બાળ સંભાળ સંસ્થા (CCI)ના ઓફીસ ઇન્ચાર્જ (સુપ્રિટેન્ડેન્ટ). | સભ્યશ્રી |
| (૫) | સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સી(SAA)ના મેનેજર/કો-ઓર્ડિનેટર. | સભ્યશ્રી |

<u>શરતો</u>:

(૧) સંચાલન સમિતિના અનુક્રમ નં. (૪) અને (૫) મુજબના સભ્યશ્રીઓની નિમણૂંક સમિતિના અધ્યક્ષશ્રીના પરામર્શમાં સભ્ય સચિવશ્રી દ્વારા કરવાની રહેશે તથા તેઓની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૨) સંચાલન સમિતિ દ્વારા ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૯૨(૩ અને ૪)ની જોગવાઇ મુજબની રકમ આ ફંડમાં જમા કરાવવાની રહેશે.

(૩) સંચાલન સમિતિ દ્વારા ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૯૨(૫)ની જોગવાઇ મુજબના હેતુઓ માટે આ ફંડનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪) ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૯૨(૬)ની જોગવાઇ મુજબ જુવેનાઇલ જસ્ટિસ ફંડનો નિભાવ અને સંચાલન ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર દ્વારા કરવાનો રહેશે.

(૫) સંચાલન સમિતિ દ્વારા ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ. ૨૦૧૯ના નિયમ-૯૨(૮)ની જોગવાઇ મુજબના કાર્યો કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ.

- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસ, બ્લૉક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લૉક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, બ્લૉક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે ક્લેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)
- સર્વે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)
- સર્વે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)

નકલ સવિનય રવાના:

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, સમાજ સુરક્ષા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા. ન્યા. અને અધિ. વિભાગ, વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ.